# પત્રક ભાગ-૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

**શુક્રવાર, તા.૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪**

## ૧૦૩. નિયમ -૧૨૦ હેઠળનો સરકારી સંકલ્પઃ-

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૦ અન્વયે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તરફથી મળેલ નીચે મુજબનો સંકલ્પ માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરેલ છે, જેને તા.૦૧/૦૨/૨૦૨૪ના નોટિસ પેપર ભાગ-૧, નંબર-૩થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ સરકારી સંકલ્પને, તા.૩૧/૦૧/૨૦૨૪ના રોજ મળેલ કામકાજ સલાહકાર સમિતિએ સોમવાર, તા.૦૫/૦૨/૨૦૨૪ના રોજ ચર્ચા માટે હાથ ધરવા માટે ૯૦ મીનીટનો સમય ફાળવેલ છે.

આજે એક ઐતિહાસિક ઠરાવ લઈને આવતા મને આનંદ અને ગૌરવની લાગણી થાય છે. આપણે જાણીએ છીએ કે ૫૦૦થી વધુ વર્ષથી પ્રતીક્ષા કરનાર ભક્તિમય હિન્દુ સમાજ એક દીર્ઘ દ્રષ્ટા વડાપ્રધાનને કારણે રામલલ્લાને અયોધ્યામાં ભવ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત કરી શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા એક ક્ષણે ભાવવિભોર બની ગઈ હતી જ્યારે ૨૨મી એ અભિજીત મુહૂર્તમાં ગુજરાતના જ સુપુત્ર અને આ સભાગૃહના સન્માનનીય ભૂતપૂર્વ નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. આ ગુજરાતની પ્રજા માટે એક ગૌરવ અને સન્માન વધારનારી ક્ષણ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ઇતિહાસનું એક પાનું ઉથલાવીએ તો ખ્યાલ આવે છે કે એ જ નરેન્દ્રભાઈએ સોમનાથથી અયોધ્યાની રામ જન્મભૂમિની ઐતિહાસિક રથયાત્રાનું સારથીપણું પણ કર્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, સદીઓ આ સમયની સાક્ષી છે. ભારતમાં સુશાસન એટલે રામે પ્રસ્થાપિત કરેલી પ્રણાલિકાઓ છે. અયોધ્યા નગરીએ સર્વજનહિતાય અને સર્વજનસુખાય ચાલતી રાજ્યવ્યવસ્થાને ભગવાન શ્રીરામે સુચારુરૂપે એક આદર્શ પ્રશાસન તરીકે પ્રસ્થાપિત કરીને જગત સમક્ષ એક ઉદાહરણ પુરું પાડેલું હતું. પરંતુ આક્રાંન્તાઓએ અને વિદેશી શાસને આપણી આ પ્રજાહિતનું રક્ષણ અને સંવર્ધન કરતી સંસ્કૃતિ અને પરંપરાઓનો ધ્વંસ કર્યો. સદીઓથી લાખો સંસ્કૃતિ ભક્તોએ બલિદાનો આપ્યા. પરિણામે આપણે બંધારણીય માર્ગે અયોધ્યામાં રામમંદિરનું પુનર્નિમાણ કરી શક્યા. આ એક સુદીર્ઘ ચાલેલા જનજાગૃતિના મહાઅભિયાનનું પરિણામ છે. આ સમગ્ર કાળખંડમાં ત્યાગ અને બલિદાનની પરંપરા રચનારા સૌ રામભક્તોનું આજે આદરપૂર્વક સ્મરણ કરવું છે.

માનનીય નરેન્દ્રભાઈ આ દેશના ૧૪૦ કરોડ ભારતવાસીઓના શ્રદ્ધાકેન્દ્ર એવા રામલલ્લાના પરમ ભક્ત છે, ભારતની શાશ્વત અને શ્રેષ્ઠ ભારતીય સંસ્કૃતિના નરેન્દ્રભાઈ એક મનીષિ કહી શકાય એવા પ્રતિનિધિ છે. જ્યારે અયોધ્યા તીર્થધામમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવા માટે આવશ્યક એવી તપશ્ચર્યા કરવાની હતી અને વ્રત રાખવાનું હતું, તે પણ માનનીય નરેન્દ્રભાઈ મોદીએ એક તપસ્વી ઋષિની જેમ ત્રણ દિવસને બદલે ૧૧ દિવસ તપશ્ચર્યા કરી. તેમની આ સંસ્કૃતિભક્તિ અને ભક્તિપરાયણતાથી ભારતના કરોડો લોકો શ્રધ્ધા અને ભક્તિથી ગૌરવ અનુભવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાના પ્રતિનિધિઓ તરીકે આપણે જાણીએ છીએ કે પ્રજાના પાલક એવા રાજાધિરાજ રામની આ પૂજા-અર્ચના કરીને માનનીય મોદીસાહેબે ગુજરાતની પ્રજાને ગૌરવ અપાવ્યું છે, આજે હર્ષ અને ગૌરવની લાગણી અભિવ્યક્ત કરાવાની આ ઘડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ વિધાનસભા આદરણીય નરેન્દ્રભાઈ મોદીને આ સહસ્રાબ્દીઓ સુધી યાદ રહે તેવું ઐતિહાસિક સાંસ્કૃતિક દાયિત્વ નિભાવવા બદલ અભિનંદન પાઠવે છે. માનનીય નરેન્દ્રભાઈ માટે ગૌરવ અનુભવતું આપણું આ સભાગૃહ નરેન્દ્રભાઈના કઠોર વ્રત, ભક્તિ અને શ્રદ્ધા દ્વારા સમગ્ર દેશના લોકોને આનંદ અને ગૌરવ બક્ષવા બદલ ધન્યવાદ પાઠવે છે. ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ આ સભાગૃહના સન્માનનીય નેતા હતા તેનું પુરી વિનમ્રતાથી સ્મરણ કરી આ ઠરાવ મુકું છું....

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર**

**ડી. એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા**